નામદાર શ્રી પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ સાહેબની કોર્ટ

સમક્ષ, મુકામ: પેટલાદ.

રેગ્યુલર દિવાની મુકદમાં નં.૧૩/૨૦૧૭

વાદી પક્ષ તરફે :– વિ. વ. શ્રી વિ. એ. બ્રહમભટ્ટ

પ્રતિવાદી તરફે :– વિ. વ. શ્રી એસ. આર. બ્રહમભટ્ટ

–:: આંક–પ ની સી. પ્રો. કોડ ઓર્ડર–૩૯, રૂલ–૧–૨ મુજબની વચગાળાનો મનાઈ હુકમ મળવા અંગેની અરજી નીચેનો હુકમ ::–

(૧) આ કામમાં આંક–પ થી વાદીઓ ધ્વારા હાલની મનાઈ અરજી લાવવામાં આવેલ છે અને આંક–૧ થી પ્રતિવાદીઓ સામે જે દાવા અરજી કરેલ છે તેની સાથે વચગાળાની દાદ માંગતી અરજી કરેલ છે. આ કામના વાદીઓએ તેમની આ અરજીમાં મોટા ભાગની હકીકતો તેની આંક–૧ ની દાવા અરજીને લગતની હકીકતોના સમર્થનમાં જણાવેલ છે. આ અરજીની ટુંકમાં હકીકત નીચે મુજબ છે.

(૨) **<u>અરજીની ટુંકમાં હકીકત :–</u>**

વાદીની માલીકી કબજા ભોગવટાની જમીનો, મોજે અરડી તા. પેટલાદ, જી. આણંદની સીમનાં સર્વે નંબર ૭૦ પૈકી એ. ૦–૩૫ ગુંઠા તથા સર્વે નંબર ૭૦ પૈકી એ. ૦–૩૫ ગુંઠા જમીન કે જે જમીનને એકત્રીકરણ સ્કીમ અમલમાં આવતા તેનો બ્લોક નંબર ૧૧૨ હે. ૦–૬૯–૪૩ આકાર રૂ. ૧૦.૭૫ ન પૈસા બનેલ છે. સદર જમીન ગણોત હકકે તેઓના મૈયત વડીલ પરમાર જેણાભાઈ બાબરભાઈના વખતથી ગણોત હકકે તેમના કબજા ભોગવટાની પ્રત્યક્ષ કબજાની છે. જેનાં ખુંટ દાવા અરજીમાં જણાવ્યા મુજબના છે. દાવા અરજીમાં જણાવેલ જમીન મુળ જમીન માલીકની હતી. સદર જમીન વાદીઓના મૈયત વડીલ પરમાર જેણાભાઈ બાબરભાઈ સને ૧૧– ૫૨ ના ઉપરાંતના સમયથી ગણોત હકકે ખેડતા હતા અને સદર જમીનનો કબજો ભોગવટો ગણોત હકકે તેમનો ચાલુ હતો. સદર જમીનના ૭/૧૨ ના રેકર્ડમાં ખેડ હકકનાં કોલમમાં વાદીના મૈયત વડીલનુ નામ ચાલુ હતુ પરંતુ વાદીના મૈયત વડીલ પરમાર જેણાભાઈ બાબરભાઈના સગાભાઈ પરમાર મથુરભાઈ બાબરભાઈ કુટુંબમાં વડીલ હોય અને વડીલ તરીકે મીલ્કતોનો વહીવટ કર્તા હોય અને દાવાવાળી જમીન તેઓને આગવી પચાવી પાડવાની બદદાનત થયેલ હોવાથી પ્રતિવાદી નંબર ૧ થી ૩ ના મૈયત વડીલ પરમાર મથુરભાઈ બાબરભાઈનાએ તેમનુ નામ ફેરફાર નોંધ નંબર ૩૭૪ થી કમી થયેલ હોવા છતાં પ્રતિવાદીઓના મૈયત વડીલ પરમાર મથુરભાઈ બાબરભાઈનાએ રેવન્યુ અધિકારીના ખોટા અને ગેરકાયદેસરના મેળાપણીમાં તેની અસર રેકર્ડમાં ખોટી રીતે અપાવી સદર જમીનના ૭/૧૨ ના રેકર્ડમાંથી વાદીના મૈયત

વડીલનુ નામ ગેર હકકે અને અન અધિકારે કમી કરાવેલ પરંતુ સદર જમીનનો કબજો વાદીના મૈયત વડીલ પરમાર જેણાભાઈ બાબરભાઈ પરમાર પાસેથી કે તેમના વારસો પાસેથી કે વાદીઓ પાસેથી ગણોત હકક સમાપ્ત કરી કોઈ પણ વખતે જમીન માલીકે કે પ્રતિવાદીઓના મૈયત વડીલ પરમાર મથુરભાઈ બાબરભાઈનાએ આજદીન સુધી મેળવેલ નથી અને આજની તારીખે સદર જમીનનો કબજો ભોગવટો ગણોત હકકે વાદીઓનો ચાલુ છે. પ્રતિવાદીઓના મૈયત વડીલે તેમના મૈયત વડીલને કોઈ પણ જાતની ખબર પડયા સિવાય સદર જમીન એક તરફી ગેર હકકે અને અન અધિકારે પચાવી પાડવાના બદ ઈરાદે રેવન્યુ પ્રોસીડીંગમાં તેમના એકલાના નામે વેચાણ કરાવી લીધેલાની વાદીઓને હાલમાં જરૂરી નકલો કઢાવતા પડેલી છે. દાવાવાળી જમીનનો કબજો ભોગવટો ગણોત હકકે વાદીનો છે અને સદર જમીનમાં ખેડ ખાતર કરી પાકો પકવી વાદીઓ જમીનનુ ઉત્પન્ન લે છે. સદર દાવાવાળી જમીનમાં વાદીઓના કુલ સાત મકાનો છે અને તે મકાનોમાં વાદીઓ તેમના કુટુંબ સાથે રહે છે. સદર મકાનો ગ્રમ પંચયાતના આકારણી પત્રકે મીલકત નંબર ૬૮૨ તથા ૯૦૨ તથા ૧૧૪૮ તથા ૧૧૪૯ થી ચાલે છે અને તેના વેરા પણ વાદીઓ ભરે છે, વીજ કનેકશન પણ વાદીઓના નામે છે. સદર વાદગ્રસ્ત જમીનમાં મૈયત પરમાર મથુરભાઈ બાબરભાઈનો કે તેમના વારસો હાલના પ્રતિવાદી નંબર ૧ થી ૩ નો કાયદેસર કોઈ હકક હીત સબંધ કે લાગભાગ કે હકક અધિકાર કે પ્રત્યક્ષ કબજો ભોગવટો નથી. પ્રતિવાદીઓના વડીલ મથુરભાઈ બાબરભાઈ પરમાર ગુજરી જતા સદર જમીનની વારસાઈ કરાવી પ્રતિવાદી નંબર ૧ થી ૪ નાએ તેમના નમો ગેર હકકે દાખલ કરાવી દીધેલ હતા તે આધારે પ્રતિવાદી

નંબર ૧ દાવાવાળી જમીન પૈકી હે. ૦– ૩૪–૪૩ ની જમીન તા. ૮/૭/૨૦૧૬ ના રોજના રજીસ્ટર વેચાણ લેખ નંબર ૧૬૩૭ થી રૂપીયા ૧,૮૯,૫૦૦/– માં તથા પ્રતિવાદી નંબર ૨ તથા ૩ નાએ દાવાવાળી જમીન પૈકી હે. ૦–૩૫–૦૦ ની જમીન તા. ૮/૭/૧૬ ના રોજ રજીસ્ટર વેચાણ લેખ નંબર ૧૬૩૯ થી રૂપીયા ૧,૯૨,૫૦૦/–માં ગેર હકકે અને અનઅધિકારે પ્રતિવાદી નંબર ૧ થી ૩ નો દાવવાળી જમીનનો કબજો ભોગવટો આવેલો નહી હોવા છતાં ગેર હકકે અને અનઅધિકારે પ્રતિવાદી નંબર ૪ તથા ૫ નાને ગેર હકકે અને અન્ધિકારે વેચાણ આપેલ અને તે આધારે ફેરફાર નોંધ નંબર ૩૯૭૧ તા. ૮/૭/૧૬ ના રોજ તથા ફેરફાર નોંધ નંબર ૩૯૭૨ તા. ૮/૭/૧૬ ના રોજ પડાવેલ તે ફેરફાર ની વાદીઓને ખબર પડતા તે ફેરફાર સામે મે. મામલતદાર સાહેબની કોર્ટમાં વાંધા અરજ આપેલી તે આધારે મામલતદારશ્રી પેટલાદની કોર્ટમાં તકરારી કેસ નંબર ૫૬/૧૬ તથા તકરારી કેસ નંબર ૫૭/૧૬ ના ઉપસ્થિત થયેલ તે કામે મામલતદાર શ્રી પેટલાદનાએ તા. ૫/૧૨/૧૬ ના રોજ હુકમ કરી વેચાણ અંગેની ફેરફાર નોંક નંબર ૩૯૭૧ તથા ૩૯૭૨ મંજુર કરવા હુકમ કરેલ છે. આમ દાવા અરજીના પેરા ૧ માં જણાવેલ જમીનનો કબજો ભોગવટો ગણોત હકકે વાદીઓના વડીલોના વખતથી ચાલુ આવેલો છે. સદર જમીનમાં વાદીઓ કુટુંબ સાથે રહી જમીનમાં ખેતી કરી જમનીનુ ઉત્પન્ન લે છે. સદર કામના પ્રતિવાદી નંબર ૪, ૫ ની દાનત દાવવાળી જમીનનો કબજો વાદી પાસેથી પડાવી લેવાનો થયેલ હોય વાદીઓના ચાલુ આવેલ કબજા ભોગવટામાં ગેરહકકે હરકત ડખલ શરૂ કરી કબજો છીનવી લેવાના બદ ઈરાદાથી વાદીઓને ધમકીઓ આપેલ છે. પ્રતિવાદી નંબર ૪, ૫ તેમની

ગેરકાયદેસરની અને કાયાદા વિરૂધ્ધની અનધિકારની તજવીજમાં બદલો ના વળી શકે તેવુ કાયદાના સ્વરૂપનું ગંભીર પ્રકારનુ પારવાર નુકશાન થાય તેમ છે. સદર જમીનમાં પ્રતિવાદીઓનો કાયદેસરનો કોઈ હકક હીત સબંધ કે લાગભાગ કે હકક અધિકાર આવેલો નહી હોવાનુ જ્ઞાપન કરવા તેમજ પ્રતિવાદી નંબર ૧ એ પ્રતિવાદી નંબર ૪, ૫ નાને રજીસ્ટર વેચાણ લેખ દસ્તાવેજ નંબર ૧૬૩૭ તથા પ્રતિવાદી નંબર ૨, ૩ નાએ પ્રતિવાદી નંબર ૪, ૫ નાને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ૧૬૩૯ નો કરી આપેલ છે તે રદબાતલ હોવાનુ ઠરાવવા માટે અને તે આધારે નંબર ૪, ૫ નાને કોઈ કાયદેરસ માલીક કે માલીકી હકક પ્રાપ્ત તથો નહી હોવાનુ ઠરાવવા માટે તથા વાદીના ચાલુ આવેલા કબજા ભોગવટામાં પ્રતિવાદી નંબર ૪, ૫ કોઈ જાતની કોઈ પણ હરકત, ડખલ કરે કરાવે નહી કે પ્રવેશ કરે કરાવે નહી કે વાદી પાસેથી જમીનનો તેમજ તેમાં આવેલ મકાનોનો કબજો લે અગર લેવડાવે નહી કે જમીન ખેડતા કે તેમાં પાક કરતા કે કોઈ અવરોધ, અટકાવ, અંતરાય કે રૂકાવટ કરે કરાવે નહી વાદીના મકાનોમાં કોઈ તોડફોડ કરે કરાવે નહી કે તેને નુકશાન કરે કરાવે નહી તેમજ પ્રતિવાદી નંબર ૪, ૫ દસ્તાવેજ આધારે સદર દાવાવાળી જમીન કોઈ પણ રીતે કોઈ પણ ઈસમને વેચે વેચાણ નહી કે બક્ષીસ, ગીરો કે વીલની કે ઈતર કોઈ પણ રીતે કોઈ પણ ઈસમને ટ્રાન્સફક કે તબદીલ કરે કરાવે નહી તેવો વાદીઓની તરફેણમાં અને પ્રતિવાદી નંબર ૪, ૫ નાની વિરૂધ્ધમાં તેમજ તેમના એજન્ટો, માણસો ની વિરૂધ્ધમાં કાયમછ જાથુનો મનાઈ હુકમ મેળવા દાવા સાથે હાલની મનાઈ અરજી કરેલ છે.

(૩) ત્યાર બાદ આ કામે વાદીના દાવા તથા મનાઈ હુકમની અરજીનો સમન્સ પ્રતિવાદીને બજતા તેઓ ધ્વારા તેઓનો વિસ્તૃત વાંધા–જવાબ જે દાવા અરજી તથા કામ ચલાઉ મનાઈ અરજીનો સંયુકત લેખીત જવાબ પ્રતિવાદી નંબર ૪, ૫ નાએ તેમનો લેખીત જવાબ આંક–૧૯ થી રજુ કરેલ છે. જેની ટુંકમા વિગત નીચે મુજબ છે.

(૩.૧) **<u>પ્રતિવાદીઓના જવાબની ટુંકમાં હકીકત :–</u>**

પ્રતિવાદી નાઓ તેમના આંક–૧૯ ના લેખીત જવાબમાં જણાવેલ છે કે, વાદીઓની દાવા અરજી તથા કામચલાઉ મનાઈ હુકમની અરજીમાં જણાવેલ તમામ હકીકતો ખરી ન હોય પ્રતિવાદીઓને કબુલ મંજુર નથી. અને ખરી હકીકતે જણાવેલ છે કે, દાવાવાળી મોજે અરડી તા. પેટલાદના બ્લોક સર્વે નંબર ૧૧૨ હે. ૦–૬૮–૪૩ પૈકી ૦–૩૪–૪૩ ની જમીન શાંતાબેન તે મથુરભાઈ બાબરભાઈ પરમારની દીકરી અને છોટાભાઈ રાઠોડની પત્ની પ્રતિવાદી નંબર ૧ ની માલીકી ની પુર્વ દીશા તરફથી જમીન તેમની માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટાની હતી. સદર જમીન પ્રતિવાદી નંબર ૧ એ પ્રતિવાદી નંબર ૪, ૫ નાને તા. ૮/૭/૧૬ ના રોજના રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નંબર ૧૬૩૭ ની રૂપીયા ૧,૮૯,૫૦૦/– માં પ્રત્યક્ષ કબજા સાથે વેચાણ આપેલ છે. સદર દાવા અરજીમાં જણાવેલ જમીનો પ્રતિવાદી નંબર ૪–૫ નાએ કાયદેસરનો અવેજ કાયદેસરના જમીન માલીકોને ચુકવી જમીન પ્રત્યક્ષ કબજા સાથે વેચાણ રાખેલી છે ત્યારથી સદર દાવાવાળી જમીન કાયદેસરના માલીક તરીકે પ્રતિવાદી નંબર ૪–૫ ના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ છે અને સદર વેચાણ લેખો આધારે ફેરફાર નોંધ નંબર

૩૯૭૧ તથા ૩૯૭૨ પાડવામા આવેલ તે ફેરફાર ના કામે પ્રતિવાદી નંબર ૧ થી ૩ નાઓ વાદીઓના ખોટા પક્ષમાં ખોટી રીતે ભળી ગયેલા હોવાથી તેઓએ સદર ફેરફારો બાબત ખોટી હકીકતોની ખોટી વાંધા અરજ આપેલી. જેથી તે આધારે મામલતદારશ્રી પેટલાદની કોર્ટમાં તકરારી કેસ નંબર ૫૬/૧૬ ના ઉપસ્થિત થયેલ તે કામે તેઓ સાહેબે તા. ૫/૧૨/૧૬ ના રોજના હુકમથી વાંધા અરજી દફતરે કરવાનો અને પ્રતિવાદી નંબર ૪–૫ ના વેચાણ લેખ અંગેની ફેરફાર નોંધ નંબર ૩૯૭૧ તથા ૩૯૭૨ પ્રમાણીત કરવાનો હુકમ કરેલો છે તુ હુકમ આધારે સદર દાવવાળી જમીનના ૭/૧૨ નો રેકર્ડમાં કબજેદાર ના આશનમાં દાખલ થયેલ છે તે હકીકત વાદીઓ સારી રીતે જાણે છે. આ કામના વાદીઓ તથા પ્રતિવાદીઓને વેચાણ આપનાર પ્રતિવાદી નંબર ૧ થી ૩ નાઓ અંદરો અંદર કપટ યુકત રીતે મળી ગયેલ હોવાથી વાદીઓએ પ્રતિવાદી નંબર ૧ થી ૩ ના ખોટા અને કાયદા વિરૂધ્ધના મેળાપણીમાં દાવવાળી જમીન મનાઈ હુકમના ઓઠા નીચે દાવવાળી જમીન ગેર હકકે અને અનઅધીકારે પચાવી પાડવા માટે તદન ખોટો દાવો તથા મનાઈ અરજ કરેલ છે. દાવાવાળી જમીન પ્રતિવાદી નંબર ૪, ૫ નાઓ શુધ્ધ બુધ્ધિના કાયદેસરના ખરીદનાર છે અને દાવવાળી જમીના કાયદેસરના માલીક તેમજ કબજેદાર છે પ્રતિવાદી નંબર ૧–૨–૩ નાએ પ્રતિવાદી નંબર ૪–૫ ને ઉપરની વીગતે જમીન રજીસ્ટર વેચાણ લેખોથી વેચાણ આપેલ છે અને આ વેચાણ લેખ બાબતે પ્રતિવાદી નંબર ૧ થી ૩ નાઓ નારાજ વ્યકિત ગણી શકાય પરંતુ પ્રસ્તૃત દાવાના કામે વાદીઓ નારાજ વ્યકિત ગણી શકાય નહી જેથી વાદીઓ દાવા અરજમાં વેચાણ લેખો રદ કરવાની જે માંગણી કરે છે તેવી કોઈ દાદ મેળવવા માટે વાદીઓ કાયદેસર હકદાર થતા

નહી હોવાથી વાદીઓનો દાવો તથા મનાઈ અરજ ખર્ચસહ રદ કરવા ન્યાયના હીતમાં હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૪) આ કામે વાદી ધ્વારા આંક–૩, ના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ થી તથા આંક–૨૮ ના દસ્તાવેજી પુરાવાનુ લીસ્ટ રજુ રાખેલ છે. જેમાં નીચે મુજબના દસ્તાવેજો રજુ રાખેલા છે.

ક્રમ	**નિશાની**	**દસ્તાવેજની વિગત**
(૧)	૩/૧	સર્વે નંબર ૭૦ હીસ્સા પૈકી ની સને ૧૯૫૫–૫૬ થી ૧૯૬૮–૬૯ ની ફેરફાર નોંધ ની ખરી નકલ.
(૨)	૩/૨	સર્વે નંબર ૧૧૨ કુવાવારૂ ખેતર અરડી ની ૭/૧૨ ની ખરી નકલ
(૩)	૩/૩	સર્વે નંબર ૧૧૨ કુવાવાળુ (જુનીશરત) અરડી ગામની ૭/૧૨ ની ખરી નકલ.
(૪)	૩/૪ તથા ૩/૫	મોજે ગામ અરડીના ખાતા નંબર ૩૭૪ ની ફેરફાર નોંધ (ગીરોદાખલ)ડેમલોની આકારપત્રક અનુક્રમ નંબર ૭૩૮ મીલકત નંબર ૭૩૬ ની નકલ
(૫)	૩/૬	મોજે ગામ પોરડાની સને ૨૦૧૬–૧૭ ની આકારણી પત્રક મકાન નંબર ૬૮૨ ની ખરી નકલ.
(૬)	૩/૭	મોજે ગામ પોરડા સને ૨૦૦૮–૨૦૦૯ ની આકારણી પત્રક મકાન નંબર ૯૦૨ (ભાથીજીપુર) ની ખરી નકલ.
(૭)	૩/૮	મોજે ગામ પોરડા સને ૨૦૧૬–૧૭ ની આકારણી પત્રક મકાન નંબર ૯૦૨(ભાથીજીપુર) ની ખરી

		નકલ.
(૮)	૩/૯	મોજે ગામ પોરડા સને ૨૦૧૬–૧૭ ની આકારણી પત્રક મકાન નંબર ૧૧૪૯(ચી.પુરા) ની ખરી નકલ.
(૯)	૩/૧૦ તથા ૩/૧૧	મોજે ગામ પોરડાના મકાનના વેરા ભર્યા ની પહોંચ અસલ મકાન નંબર ૧૧૪૯.
(૧૦)	૩/૧૨	મોજે ગામ પોરડાના મકાન નંબર ૯૦૨ ની વેરાભર્યાની પહોંચ અસલ.
(૧૧)	૩/૧૩	મોજે ગામ પોરડાના મકાન નંબર ૧૧૪૮ ની વેરા ભર્યાની પહોંચ અસલ
(૧૨)	૩/૧૪	મોજે ગામ પોરડાના મકાન નંબર ૬૮૨ નો વેરા ભર્યાની પહોંચ અસલ
(૧૩)	૩/૧૫	નારાયણ જેણાભાઈ પરમારના મકાનનુ વીજળી બીલ અસલ
(૧૪)	૩/૧૬	કીશાભાઈ જેણાભાઈ પરમાર પરમારના મકાનનુ વીજળી બીલ અસલ.
(૧૫)	૩/૧૭	ભુપતભાઈ જેણાભાઈ પરમારના મકાનનુ વીજળી બીલ અસલ.
(૧૬)	૩/૧૮	મોજે ગામ અરડી ખાતા નંબર પર સર્વે નંબર ૧૧૨ ના દસ્તાવેજની સહી સીકકાવાળી નકલ.
(૧૭)	૩/૧૯	સર્વે નંબર ૧૧૨ ની પેટલાદ મામલતદાર કોર્ટ હુકમની નકલ તકરારી કેસ નંબર ૫૭/૧૬ નો હુકમ.
(૧૮)	૩/૨૦	સર્વે નંબર ૧૧૨ નો તકરારી કેસ નંબર ૫૬/૧૬ મામલતદાર કોર્ટના હુકમની નકલ.
(૧૯)	૩/૨૧	મોજે ગામ અરડી સર્વે નંબર ૧૧૨ નો દસ્તાવેજ

		રજીસ્ટ્રાર ની સહી સીકકાવાળી નકલ.
(૨૦)	૩/૨૨	સર્વે નંબર ૧૧૨(૫૨) તકરારી કેસ નંબર ૫૬/૧૬ તા. ૫/૧૨/૧૬ ના ઠરાવથી પ્રમાણીત કરેલ અસરલ રજુ (નમુના નંબર ૬ નુ હકક પત્રક ફેરફાર ૩૯૭૧.
(૨૧)	૩/૨૩	સર્વે નંબર ૧૧૨(૫૨) તકરારી કેસ નંબર ૫૭/૧૬ તા. ૫/૧૨/૧૬ ના ઠરાવથી પ્રમાણીત કરેલ અસરલ રજુ (નમુના નંબર ૬ નુ હકક પત્રક ફેરફાર ૩૯૭૨.
(૨૨)	૩/ ૨૪	મોજે ગામ અરડી સર્વે નંબર ૧૧૨ ના ટ્રેસીંગનો નકશો.
(૨૩)	૨૮/૧	ગ્રમપંચાયત અરડીનો દાખલો અસલ
(૨૪)	૨૮/૨ તથા ૨૮/૩	મોજે અરડીની મીલકત નંબર ૫૭૦ ની આકારણી અસલ.
(૨૫)	૨૮/૪ થી ૨૮/૮	પંચાયતના કરોની પાવતીઓ અસલ.

(૫) આ કામે પ્રતિવાદી દ્વારા આંક–૨૦ના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજુ રાખેલ છે. જેમાં નીચે મુજબના દસ્તાવેજો રજુ રાખેલા છે.

ક્રમ	**નિશાની**	**દસ્તાવેજની વિગત**
(૧)	૨૦/૧	દાવાવાળી જમીન અંગેનો ચંદુભાઈ ગોરધનભાઈ તથા મફતભાઈ ગોરધનભાઈનાઓએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૧૬૩૯/૧૨ ની ઈન્ડેક્ષની નકલ
(૧)	૨૦/૨	દાવાવાળી જમીન અંગેનો ચંદુભાઈ ગોરધનભાઈ તથામફતભાઈ ગોરધનભાઈનાઓએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૧૬૩૯/૧૨ ની નકલ
(૨)	૨૦/૩	દાવાવાળી જમીન અંગેનો શાંતાબેન મથુરભાઈ નાઓએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૧ ૬૩૭/૧૨ ની ઈન્ડેક્ષની નકલ
(૩)	૨૦/૪	દાવાવાળી જમીન અંગેનો ચંદુભાઈ ગોરધનભાઈ તથા મફતભાઈ ગોરધનભાઈનાઓએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૧૬૩૭/૧૨ ની નકલ
(૪)	૨૦/૫	દાવાવાળી જમીનની મોજે અરડી ના બ્લોક / સર્વે નંબર ૧૧૨ ની ૭/૧૨ ની નકલ.
(૫)	૨૦/૦૬	દાવાવાળી જમીન મોજે અરડીની જમીનની ખાતા નંબર ૫૪૯ ની ૮– અ ની નકલ રજુ.

(૫.૧) **<u>દલીલો :–</u>**

આ કામે વાદી તરફે વિ. વ. શ્રી. વિ. એ. બ્રહમભટ્ટ તથા પ્રતિવાદી નં. ૪ અને ૫ તરફે વિ. વ. શ્રી. એસ. આર. બ્રહમભટ્ટ ની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ઉપરોકત વાદીપક્ષની અરજીની હકીકતો, પ્રતિવાદી પક્ષના વાંધા જવાબ તેમજ બંને પક્ષોની દલીલોને ઘ્યાને લેતા આંક–૫ ની અરજીના ન્યાયીક નિર્ણય થવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

<u>–:: મુ દ દા ઓ ::–</u>

(૧)	શું વાદીનો પ્રાઈમાફેસી કેસ છે?
(૨)	શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને હાર્ડશીપ વાદીની તરફેણમાં છે?
(૩)	શું મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણામાં ન ભરપાઈ થઈ શકે તેવું નુકશાન જાય તેમ છે?
(૪)	શું હુકમ ?

(૭) ઉપરોકત મુદદાઓના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) ''હકારમાં''

(૨) ''હકારમાં''

(૩) '' હકારમાં''

(૪) આખરી હુકમ મુજબ.

(૮) આ માટેના કારણો નીચે મુજબ છે.

<u>–:: કા ર ણો ::–</u>

આ કામે આંક–૫ નિર્ણિત કરતા પહેલા આ અંગે કાયદાની સ્થિતિ જોઈએ તો, સી. પી. સી. ઓ.૩૯, રૂલ્સ–૧ ની જોગવાઈ ઘ્યાને લેવામાં આવે તો,

<u>સી.પી.સી. ઓર્ડર–૩૯, રૂલ–૧ જે કેસોમાં કામચલાઉ મનાઈહુકમ આપી શકાય:</u>

(૧) જો કોઈ કેસમાં સોગંદનામાંથી અગર અન્ય રીતે એમ સાબિત થાય કે :

(એ) કોઈ દાવાની વાદગ્રસ્ત મિલકત વેડફાઈ જવાનો, તેની હાનિ થવાનો દાવાના કોઈ પક્ષકાર દ્વારા હસ્તાંતર થવાનો ભય છે અથવા કોઈ હુકમનામાની બજવણીમાં વેચાઈ જવાનો ભય છે અથવા

(બી) પ્રતિવાદી પોતાના લેણદારોને છેતરવાના માટે પોતાની મિલકત ખસેડવાની અથવા વ્યય કરી નાખવાની ધમકી આપે છે અગર ઈરાદો ધરાવે છે અથવા

(સી) દાવામાં વાદગ્રસ્ત મિલકતથી વાદીનો કબજો છોડાવી લેવાનો અગર બીજી રીતે વાદીને વાદગ્રસ્ત મિલકતના સબંધમાં હાની પહોંચાડવાની ધમકી આપે છે. (૧૯૭૬ ના સુધારણા અધિનિયમથી ઉમેરાયેલો નવો ખંડ).

તો અદાલત હુકમ કરીને આવું કૃત્ય અંકુશિત કરવા કામચલાઉ મનાઈ હુકમ આપી શકે અથવા આવો દુર્વ્યય, નુકસાન, હસ્તાંતર, વેચાણ, ખસેડવાના કાર્ય અથવા વ્યય સ્થગિત કરવા અથવા અટકાવવા તેને ઠીક લાગે તે હુકમ તે ઉદેશથી કરી શકે અથવા વાદીને કબજાથી વંચિત કરવાના અથવા વાદગ્રસ્ત મિલકતના સંદર્ભમાં વાદીને અન્ય રીતે હાનિ થતી અટકાવવા (૧૯૭૬ ના સુધારણા અધિનિયમથી ઉમેરાયેલા શબ્દો) અદાલતને ઠીક લાગે તેવો દાવાના નિકાલ સુધી અથવા બીજો હુકમ થાય નહી ત્યાં સુધીનો હુકમ કરી શકે.

(૨) કોર્ટ ચાલુ કાર્ય થતું અટકાવવા માટે કામચલાઉ મનાઈહુકમ કરતી વખતે અથવા તે બીજો હુકમ થતા સુધી, તે મિલકત વેડફાઈ જતી હોય, તે, તેને નુકસાન થતું હોય તે, બીજાને આપી દેવાની હોય તે, લેવાની હોય તે, ખસેડતી હોય તે અથવા પેટા રૂલ –(૧) હેઠળના દાવાના નિકાલ હેઠળ કોઈપણ મિલકતના સબંધમાં વાદીનો કબજો છોડાવી દેવા અથવા અન્યથા નુકસાન પહોંચાડવા માટે , કોર્ટ યોગ્ય ગણે તેવી જામીનગીરી આપવા અથવા અન્યથા વાદીને આદેશ કરી શકશે.ઉપરોકત મુજબનાં આવશ્યક તત્વો હોય ત્યારે વચગાળાનો મનાઈ હુકમ આપી શકાય.

(૮.૧) પ્રાઈમાફેસી કેસ :– પ્રાઈમાફેસી કેસ એટલે કે પ્રથમ દર્શનીય કેસની વ્યાખ્યા જોઈએ તો, વાદીએ કે કામચલાઉ મનાઈ હુકમની માંગણી કરનારે રજુ કરેલી હકીકતો, તે જ સ્વરૂપે સ્વીકારતા, સામાન્ય બુધ્ધિની, સામાન્ય વ્યકિતને, દેખીતી રીતે જ સાચી જણાય અને તે અંગે મહત્વનું ઘ્યાન આપવું જરૂરી જણાય અથવા તે હકીકત વિચાર કરવા યોગ્ય છે. માગણીદારે કરેલા આક્ષેપ ઉપરથી ત્વરીત પણે કોઈપણ પ્રકારના ખચકાટ અનુભવ્યા વગર સામાન્ય સમજશકિતવાળી વ્યકિતમાં એવા વિચાર પેદા કરે કે કંઈક અઘટીત કૃત્ય સામી વ્યકિત કરી રહી છે અને તે અટકાવવાની જરૂર છે તેને પ્રથમ દર્શનીય કેસ ગણી શકાય.

<u>મુદ્દા નં.–૧ –</u>

(૯) વાદી તરફે વિ. વ. શ્રી એ દલીલ કરેલ છે કે, હાલના કામે વાદી મૈયત જેણાભાઇ બાબરભાઇ પરમારના વારસો છે તેઓએ હાલનો દાવો પ્રતિવાદીઓ કે જે તેમના કાકાના દિકરા એટલે કે મૈયત મથુરભાઇ બાબરભાઈના વારસો સામે કરેલ છે. મોજે અરડી, તા. પેટલાદના સર્વે નં. ૭૦ પેકી ૦–૩૪ ગુંઠા તથા સર્વે નં. ૭૦ પૈકી ૦–૩૫ ગુંઠા મળી તેનો બ્લોક નં. ૧૧૨ બનેલ તે દાવાવાળી જમીન વાદીઓના મૈયત વડીલ ખેડતા હતા અને આ જમીનમાં વાદીઓના મકાનો આવેલા છે અને તેમના મૈયત પ્રતિવાદીઓના વડીલ મથુરભાઇ વાદીઓના વડીલ થી મોટા હતા અને વડીલ તરીકે તમામ વહિવટ જે તે વખત તેઓ કરતા હતા. હાલના કામે વાદી તરફે લીસ્ટ રજુ કરેલ છે જેમાં સને ૧૯૫૭–૫૮ ની ૭૧૨ રજુ કરેલ છે તેમાં ખેડુતના કોલમમાં સને ૧૯૫૬–૫૭ માં જેણાભાઈનું નામ હતું તે કમી કરેલ છે પણ તેની કોઈ જાણ તેમને કરેલ નથી. ત્યારબાદ તેના બીજા પેજ પર સને ૧૯૬૧–૬૧ માં ફરીથી તેમનું નામ દાખલ કરવામાં આવેલ અને તે ચાલુ રહેલ છે. તેની સાથે નિ. ૩/૪ થી રજુ મ્યુટેશન એન્ટ્રી નં. ૩૭૪ કે જેનાથી વાદીઓના વડીલનું નામ કમી થયેલ તે જોવામાં આવેતો વાદીઓના વડીલનું નામ જમીન ખેડેલ નહી હોવાના કારણે રદ કરેલ છે અને તા. ૦૧–૦૪–૧૯૫૭ ના ખરીદ દિવસ ગણવામાં આવેલ અને તે મુજબ એન્ટ્રી સને – ૧૯૫૬ માં કરવામાં આવેલ અને તે મુજબ વાદીઓના વડીલોને કબજેદાર ગણી તેઓનું નામ ઉમેરવામાં આવેલ અને પ્રત્યક્ષ કબજો વાદીઓના વડીલોનો હતો જે આજે પણ ચાલુ છે. ત્યારબાદ મથુરભાઇ બાબરભાઇ ગુજરી જતા તેઓના વારસદારોની વારસાઇ થયેલ જે હાલના પ્રતિવાદીઓ છે

અને તેઓએ જમીન પ્રતિવાદી નં. ૪ અને ૫ ને વેચી નાંખેલ. દાવાવાળી જમીન અરડી ગામથી સિંહોલ જતા રોડ ટચ છે અને પ્રતિવાદી નં. ૪ માથાભારે છે અને રાજકીય વગ ધરાવતા બીલ્ડર લોબીના છે અને તેઓએ તેમના દસ્તાવેજ આધારે એન્ટ્રી પડાવેલ તેની જાણ વાદીઓને થતા નકલો મેળવી વાંધા અરજી આપેલ પણ રાજકીય વગને કારણે રેવન્યુ કોર્ટે દસ્તાવેજ હોય તેઓની એન્ટ્રી મંજુર કરેલ અને પ્રતિવાદીઓ જયારે કબજો પડાવવા આવેલ જેથી હાલનો દાવો કરવાની જરુરત પડેલ છે. દાવો દાખલ કર્યા બાદ વાદી તરફે પંચનામું કરવવામાં આવેલ જે પંચનામું તથા નકશો હાલના કામે નિ. ૧૦૬ તથા નિ. ૧૦૭ થી રજુ છે તે જોવામાં આવેતો તેમાં પણ પેજ નં. ૨ ઉપર છેલ્લા પેરામાં વાદીના મકાનો આવેલ હોવાનું અને તમાકુનો પાક કરેલ છે અને ગાય–ભેંસ પણ હોવાનો ઉલ્લેખ છે. આમ સદર હકિકત જોતા વાદીઓનો કબજો સ્થળ ઉપર પુરવાર થાય છે અને પ્રતિવાદી નં. ૪ અને ૫ ને પ્રતિવાદીઓ નં. ૧ થી ૩ એ કબજો સોંપેલ નથી. નિ. ૩।૬ થી નિ. ૩।૯ સુધીના જે આકારણી પત્રકો રજુ કરેલ છે જે જોતા પણ વાદીઓનો કબજો હોવાનું જણાય છે. નિ. ૩।૧૦ થી નિ. ૩।૧૪ સુધી મકાનના જે વેરા ભરેલ છે તેની પાવતીઓ છે. નિ. ૩।૧૫ થી નિ. ૩।૧૭ સુધી વીજબીલો છે. નિ. ૩।૧૮ થી દસ્તાવેજ પ્રતિવાદીઓએ કરેલ તેની નકલ છે તેમાં કયાંય મકાનો દેખાતા નથી અને જો તે જ જમીનોનો નકશો કોર્ટ કમીશ્નર દ્વારા કરવામાં આવેલ તે મકાનો તાજા ઉભા કરેલ નથી અને તેથી પુરવાર થાય છે કે વેચનાર અને ખરીદનારે ભળતી જમીનના ફોટોગ્રાફસ રજુ કરેલ છે તથા તે રીતે પણ પ્રતિવાદીઓની પાસે કબજો ન હોવાનું જણાઇ

આવે છે. કોર્ટ કમીશ્નર દ્વારા કરવામાં આવેલ નકશો તથા પંચનામાની હકિકતોને પ્રતિવાદીઓ દ્વારા પડકારવામાં આવેલ નથી. વાદીએ પોતાનો કબજો તથા ખેતી કરતા હોવાનું પુરવાર કરેલ છે. પ્રતિવાદીઓ જો સદર દસ્તાવેજના આધારે અન્ય કોઇને ટ્રાન્સફર કરે કે બોજો ઉભો કરે તો વાદીઓને વધુ લીટીગેશનમાં ઉતરવું પડે અને જમીન તથા ઘરો છીનવાઇ જાય તો નાણાંથી વાળી ન શકાય તેવું નુકસાન થાય તેમ છે. પ્રતિવાદી નં. ૧ થી ૩ એ વેચાણ કરી દીધેલ હોય તેઓને કોઇ નુકસાન જાય તેમ નથી. પ્રતિવાદી નં. ૪ અને ૫ તરફે રજુ કરેલ જવાબ ધ્યાને લેતા તેઓનો કબજો હોય કે તેઓ ખેતી કરતા હોય તેવો લેશમાત્ર આધાર રજુ કરેલ નથી. આમ રજુ કરેલ દસ્તાવેજોથી વાદીઓએ પોતાનો કેસ પ્રથમદર્શનીય રીતે પુરવાર કરેલ છે અને મનાઇહુકમના ત્રણેય તત્વો પુરવાર કરેલ હોય માંગ્યા મુજબનો મનાઇહુકમ આપવા અરજ કરેલ છે. વાદી તરફે ખુલાસો કરતા જણાવેલ છે કે આંક – ૨૮ થી જે દસ્તાવેજો રજુ કરેલ છે તે જોતા ચીખોદરીયા પરુ, અરડી સીમ, તા. પોરડા લખેલ છે. વાદીઓના વડીલે જે તે સમયે મકાન બનાવેલ હતું. પ્રતિવાદીઓ નં. ૧ થી ૩ નાઓએ વાદીઓ દ્વારા જે મકાનો બનાવેલ છે તે બાબતે કોઇ તકરાર લીધેલ નથી. રજુ થયેલ નકશા તથા પંચનામા આધારે વાદીઓ કુટુંબ સાથે રહેતા હોવાની હકિકત જણાઇ આવે છે. પ્રતિવાદીઓ નં. ૪ અને ૫ તરફે દલીલોમાં પણ પંચનામાની હકિકતોને પડકારેલ નથી.

(૧૦) પ્રતિવાદીઓ નં. ૪ અને ૫ તરફે વિ. વ. શ્રી એસ. આર. બ્રહ્મભટ્ટે દલીલ કરેલ છે કે, હાલના કામે દાવાવાળી મીલકત પૈકી ૦–૩૪ ગુંઠા

શાંતાબેન તે મથુરભાઈ બાબરભાઈની દિકરી અને છોટાભાઈ રાઠોડભાઈની પત્નિ કે જે હાલના કામે પ્રતિવાદી નં. ૧ છે તેઓની માલીકીની હતી અને તેઓએ પ્રતિવાદી નં. ૪ તથા ૫ ને તા. ૦૮–૦૭–૨૦૧૬ ના રોજ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૧૬૩૭–૧૬ થી વેચાણ આપેલ છે અને પશ્ચીમ દિશા તરફની ચંદુભાઈ તથા મફતભાઈ કે જેઓ હાલના કામે પ્રતિવાદી નં. ૨ અને ૩ છે તેઓની માલીકીની હતી જે તેઓએ તા. ૦૮–૦૭–૨૦૧૬ ના રોજ દસ્તાવેજ નં. ૧૬૩૯ થી પ્રતિવાદી નં. ૪ અને ૫ ને વેચાણ આપેલ છે. પ્રતિવાદીઓ નં. ૪ અને ૫ નાઓએ વેચાણ રાખતા અગાઉ ૭/૧૨, ૮/અ અને ૬ ના હકકપત્રકો તપાસેલ અને ટાઈટલ કલીયર હોવાથી વેચાણ રાખનારાએ પ્રતિવાદીઓ નં. ૧ થી ૩ પાસેથી બ્લોક સર્વે નં. ૧૧૨ વાળી મીલકત વેચાણ રાખેલી. ત્યારબાદ રેવન્યુ રેકર્ડમાં તેમના નામે કરાવવા ફેરફાર નોંધ નં. ૩૯૭૧ તથા ૩૯૭૨ થી પ્રતિવાદીઓનું નામ દાખલ કરાવવા અરજી કરેલ અને તે આધારે ૭/૧૨ ના રેકર્ડમાં પ્રતિવાદીઓ નં. ૪ અને ૫ ના નામો દાખલ ન થાય તે માટે વાદી દ્વારા તકરાર ઉભી કરવામાં આવેલ તેમ છતા તેઓની તકરાર ધ્યાને ન લેતા ટાઈટલ કલીયર હોય ૭/૧૨ ના રેકર્ડમાં પ્રતિવાદીઓ નં. ૪ અને ૫ ના નામો દાખલ કરવામાં આવેલ. જેથી વાદીએ આર. ટી. એસ. અપીલ નં. ૪૧–૨૦૧૭ થી નાયબ કલેકટર શ્રી સમક્ષ અપીલ દાખલ કરેલી તે પણ નામંજુર થયેલ અને હાલમાં ૭/૧૨ ના રેકર્ડમાં વેચાણ રાખનારનું નામ ચાલ્યુ આવેલ છે. વાદીને રેવન્યુ કોર્ટને કોઈ રાહત ન મળતા પ્રતિવાદીઓને હેરાન કરવા સારુ હાલનો દાવો કરેલ છે. મનાઈહુકમ મેળવવા સારુ પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવું પડે પણ

રેવન્યુ રેકર્ડ જોતા વાદીઓનું નામ અગાઉ પણ રેકર્ડમાં હતુ નહી અને તે હકિકત દાવાઅરજીમાં પણ કબુલ કરેલ છે અને ટેનન્સીની તકરાર છે ત્યારે પ્રથમ તેઓ ટેનન્ટ તરીકે છે કે નહી તે પુરવાર કરવું પડે પણ તેવી કોઇ તકરાર રેવન્યુ કોર્ટમાં પણ લીધેલ નથી કે તેવી હકિકત દાવાના કામે પણ જણાવેલ નથી. રેવન્યુ રેકર્ડ પ્રતિવાદીઓ નં. ૧ થી ૩ ના નામે અને તે અગાઉ તેઓના વડીલોના નામે ચાલતા હતા અને તેઓ વારસાઇ હકકથી માલીક થયેલ હતા. પ્રતિવાદીઓ નં. ૪ અને ૫ એ કાયદેસરનો અવેજ આપી ટાઇટલ કલીયર હોય દસ્તાવેજ કરાવેલ છે. વાદીઓના વડીલનું નામ રેવન્યુ રેકર્ડમાં હોય તેવો પણ કોઇ આધાર વાદી તરફે રજુ કરેલ નથી અને તે રીતે વાદી પોતાનો પ્રથમદર્શનયી કેસ પુરવાર કરી શકેલ નથી. સગવળ અગવળનું ધોરણ પણ પ્રતિવાદીઓની તરફેણમાં છે તેવા સંજોગોમાં માંગ્યા મુજબનો મનાઇહુકમ આપી શકાય નહી. વાદી તરફે આંક – ૦૩ ના લીસ્ટ થી જે દસ્તાવેજો રજુ કરેલ છે તેમાં નિ. ૩।૬ જોતા મહોલ્લાનું નામ ભાથીજીપુરા અને કાચુ મકાનમાં માલીક તરીકે પરમાર નારણભાઇ જેણાભાઇ અને મોજે પોરડા લખેલ છે, પરંતુ દાવાવાળી મીલકત અરડી ગામે આવેલ છે. ત્યારબાદ નિ. ૩।૪, નિ. ૩।૭ થી નિ. ૩।૯ માં પણ તે જ પરીસ્થીતી છે. નિ. ૩।૧૦ થી નિ. ૩।૧૪ જોતા ગ્રામપંચાયત દ્વારા જે ઘર વેરો લેવામાં આવેલ છે તેની પાવતીઓ છે તેમાં વાદીઓના નામ પ્રસ્થાપીત કરેલ છે, પરંતુ તે દાવાવાળી મીલકતમાં આવેલ હોય તેમ જણાતું નથી અને જો ખેતરમાં ઘર કે સાધનો મુકવા ઓરડી બનાવેલ હોય તો તેના સર્વે નંબરનો પણ ઉલ્લેખ હોય છે પણ તેવો કોઇ આધાર પણ રજુ કરેલ નથી. નિ.

૩૧૫ થી નિ. ૩૧૭ સુધી લાઇટબીલની ઝેરોક્ષો રજુ કરેલ છે તેમાં પણ ભાથીજીપરુ, પોરડા, તા. પેટલાદ લખેલ છે. આમ વાદી તરફે જે દસ્તાવેજો દાવા સાથે રજુ કરેલ છે તે દાવાવાળી મીલકતને લગતા છે તેવું જણાતું નથી. વાદી વ. શ્રી દ્વારા આંક – ૨૮ ના લીસ્ટથી જે દસ્તાવેજો રજુ કરેલ છે તે જોતા પોતાની ભુલ સુધારવા પાછળથી રજુ કરેલ છે જે પૈકી નિ. ૨૮।૧ જોતા ચીખોદરીયાપરુ છે, પરંતુ દાવાઅરજીમાં ભાથીજીપરુ લખેલ હોય તેને હાલના દાવા સાથે કોઇ નીસ્બત નથી. નિ. ૨૮।૨ જોતા પણ ચીખોદરીયા પરુ છે અને ઇંટેરી નળીયા છે જયારે અગાઉ કાચુ છાપરુ હતું. તે જ પરીસ્થીતી નિ. ૨૮।૩ માં છે. નિ. ૨૮।૪ થી નિ. ૨૮।૮ જોતા દાવાવાળી મીલકતમાં હોય તેવો ઉલ્લેખ નથી અને ઘર નં. લખેલ છે, પરંતુ ઘર કયાં આવેલ છે જેમકે ચીખોદરીયા પરુ કે ભાથીજીપરુ તેવી કોઇ હકિકત લખેલ નથી. પ્રતિવાદીઓ નં. ૪ અને ૫ કાયદેસરના માલીક છે અને પુરેપુરો અવેજ ચુકવેલ છે ત્યારે વાદીઓને જો માંગ્યા મુજબનો મનાઇહુકમ આપવામાં આવેતો પ્રતિવાદીઓના કબજામાં અને માલીકીમાં હરકત થાય તેમ છે. વાદીઓ મનાઇહુકમના ત્રણેય તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ નિવળેલ હોય મનાઇઅરજી રદ કરવા જણાવેલ છે.

(૧૧) ઉપરોકત મુજબની રજુઆત તથા રેકર્ડ સાથે ચર્ચા કરવામાં આવેતો વાદી દ્વારા દાવાવાળા સર્વે નં. ૭૦ કે જેનો બ્લોક નં. ૧૧૨ બનેલ છે તેનો કબજો ગણોત હકકે તેઓના વડીલના સમયથી તેમની પાસે હોવાની સ્પષ્ટ હકિકત જણાવેલ છે અને તેના સર્મથનમાં આંક – ૦૩ તથા

આંક – ૨૮ ના લીસ્ટથી જુદા જુદા દસ્તાવેજો પણ રજુ કરેલ છે. જે દસ્તાવેજો જોતા દાવાવાળી જગ્યાએ વાદીઓના વડીલ જે તે સમયે ખેતી કરતા હોવાની નોંધ છે અને હાલમાં દાવાવાળી જગ્યાએ વાદીઓના મકાનો આવેલ હોવાનું જણાય છે. સદર દસ્તાવેજો બાબતે પ્રતિવાદી તરફે સ્પષ્ટ તકરાર લેવામાં આવેલ છે કે સદર દસ્તાવેજો દાવાવાળી જગ્યાના નથી અને તેમાં ભાથીજી ફળીયું તથા ચીખોદરાપરુ એ રીતે લખેલ છે અને સદર દસ્તાવેજોમાં મોજે પોરડા લખેલ છે, પરંતુ દાવાવાળી મીલકત અરડી ગામે આવેલ છે. સદર બાબતે વાદી તરફે નિ. ૨૮/૧ થી રજુ ગ્રામપંચાયત અરડીનો દાખલો જોવામાં આવેતો જણાવેલ છે કે " પોરડા તાબેનું ચીખોદરાપરુ જે અરડીની સીમતળમાં આવેલ છે. " પ્રતિવાદીઓ તરફે વેચાણ દસ્તાવેજથી માલીક થયેલ હોવાની હકિકત અને રેવન્યુ રેકર્ડ તેમના નામે થયેલ હોવાની હકિકત જણાવેલ છે તથા તેઓની નોંધ સામે વાદીઓ દ્બારા લીધેલ વાંધા રદ કરી તેમની નોંધ મંજુર કરવામાં આવેલ હોવાની વિગતો જણાવેલ છે અને તેના સર્મથનમાં દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. વધુમાં પ્રતિવાદીઓ નં. ૪ અને ૫ દ્બારા તેઓને દાવાવાળી જગ્યાનો કબજો સોંપવામાં આવેલ હોવાની પણ સ્પષ્ટ તકરાર લીધેલ છે, પરંતુ સ્થળ ઉપર ખરેખર તેમને કબજો સોંપવામાં આવેલ હોય તેવો કોઇ આધાર કે પુરાવો રજુ કરી શકેલ નથી અને વાદી દ્બારા તે મતલબની દલીલ કરવા છતા તેનો કોઇ ખુસાલો કે રજુઆત પણ કરેલ નથી. હાલના તબકકે રજુ રેકર્ડ આધારે સ્થળ ઉપરના ખરેખર કબજા બાબતે ચર્ચા કરવામાં આવેતો હાલના કામે નિ. ૧૦/ ૬ અને નિ. ૧૦/૭ થી રજુ દાવાવાળી જગ્યાની સ્થળ સ્થિતીનું પંચનામું

તથા નકશો જોવામાં આવેતો દાવાવાળા સર્વે નં. ૭૦ બ્લોક નં. ૧૧૨ માં વાદીના મકાનો આવેલ હોવાનો, તેઓએ તમાકુનો પાક કરેલ હોવાનો તથા મકાનની બાજુમાં ગાય, ભેંસો વિગેરે બાંધેલ હોવાની સ્પષ્ટ નોંધ કરવામાં આવેલ છે અને સદર પંચનામું કરતા સમયે પ્રતિવાદીઓ નં. ૧ થી ૩ હાજર હતા જયારે પ્રતિવાદીઓ નં. ૪ અને ૫ ને રજી. એડી. થી પંચનામાની જાણ કરવા છતા હાજર રહેલ નથી તથા પંચનામું થયા બાદથી આજદિન સુધી પણ સદર પંચનામા બાબતે કોઈ વાંધો કે તકરાર લીધેલ નથી તે સંજોગોમાં સદર પંચનામું તથા નકશાની વિગતો હાલના તબકકે માનવા લાયક જણાઈ આવે છે અને તે રીતે સ્થળ ઉપર હાલમાં વાદીઓનો કબજો હોવાનું અને તેઓના મકાન આવેલ હોવાનું તથા તેઓ ખેતી કરતા હોવાનું હાલના તબકકે રજુ રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે. સદર બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટના ૧૯૭૦ જી. એલ. આર. ૯૭૧ પર પ્રસીધ્ધ રામશ્રી મહાવીર વિ. ગીરધરલાલ ભોલાનાથ અગ્રવાલનો ચુકાદો વંચાણે લેવામાં આવેતો ઠરાવેલ છે કે,

The question raised in this appeal directed against the judgment of the learned Judge of the City Civil Court presiding over Court No. II is whether a person in actual and exclusive possession of a premises can be allowed to be dispossessed forcibly by another person claiming that he has the legal right to the possession of the premises and that the person in actual possession has none. If the person threatened with violent dispossession without recourse to due process of law seeks the aid of the Court of law by way of a "quatimet action to restrain the party threatening to take the law in his own hands and to violently dispossess the otherside, can the Court refuse

such a request " Such is the problem posed in this appeal. A few facts need to be stated in order to understand the back-ground. Appellant-plaintiff Ramashree Mahavir instituted Civil Suit No. 1559 of 1967 on the allegation that he was in exclusive possession and peaceful enjoyment of suit premises where he was running his Pan Shop. It was contended by the plaintiff that defendant Girdharilal Bholanath Agarwal was threatening to take the law in his own hands and to forcibly dispossess the plaintiff of the suit premises without recourse to due process of law. On these allegations the plaintiff commenced the said suit and prayed for an injunction restraining the defendant from forcibly dispossessing him of the suit premises. The stand taken by the defendant-respondent, inter alia, was that the plaintiff had no legal right to remain in possession of the premises in question, and that, therefore, he was not entitled to the relief claimed by him. It may be mentioned that having raised the relevant plea in his written statement the defendant remained absent and the suit proceeded ex-parte. It appears that even his learned advocate did not remain present to assist the Court. The plaintiffs evidence was recorded on August 19, 1969. Defendant did not lead any evidence. The matter was fixed for arguments. Arguments were addressed on behalf of the plaintiff on August 18 and 19. The defendant and his advocate remained absent throughout. The learned trial Judge dismissed the plaintiffs suit taking the view that the plaintiff had no legal right to remain in possession and, therefore, could not claim immunity from being forcibly dispossessed. Thereupon the plaintiff has

preferred the present appeal against the judgment and decree of the learned Judge passed on August 20, 1967 dismissing the suit.

2. In this Court also the learned Counsel for the respondent-defendant has vehemently argued that the defendant is entitled to take the law in his own hands and forcibly dispossess the plaintiff of the premises in his possession inasmuch as the plaintiff is in no better position than a trespasser. Therefore, the principal question that arises for consideration is as to whether a person in exclusive possession of a property can be forcibly dispossessed by a party alleging that the person in possession has no legal right or title to remain in possession thereof. To me it appears that it is impossible to argue that a party has any such right to resort to physical violence or to forcibly dispossess a person in exclusive possession of a property regardless of whether or not he is able to establish a legal right to remain in possession thereof. To accede to the argument of the learned Counsel for the defendant-respondent is to accept the proposition that we are not governed by a rule of law at all. To uphold the contention of the defendant would be tantamount to giving a licence to persons to take law in their own hands. And the rule of jungle will prevail instead of the rule of law. The question as to whether or not the person in possession has legal right to remain in possession is totally immaterial. If the present plaintiff has no such right it is open to the defendant to institute a suit for possession on the premise that he is a trespasser

and he has no right to remain in possession of the suit premises. The question, however, is whether one can circumvent the procedure established by law and take recourse to physical violence and dispossess the person in possession by use of force. In a civilization where the rule of law obtains, it is difficult to envisage a Court of law upholding any such right in favour of a person who claims right to dispossess by use of force without recourse to due process of law. If this were to be permitted there would be a breach of peace everyday and there would be a violent conflict between persons claiming individual rights. There is no manner of doubt in my mind that no such right can be claimed by the defendant regardless of the question whether or not the plaintiff himself has any right to remain in possession. Once it is established by the plaintiff that he is in exclusive possession and it is admitted by the defendant that he is in such possession, an injunction restraining the defendant from dispossessing the plaintiff by force must issue as a matter of course. More readily, if the defendant persists in asserting the claim that he has a right to take the law in his own hands and forcibly dispossess the plaintiff as has been done in the present case.

વધુમાં સદર બાબતે નામદાર સુપ્રિમકોર્ટના એ. આઈ. આર. ૧૯૮૯ સુ.કો. ૨૦૯૭ ક્રિષ્ન રામ મહાલે વિ. શોભા વેંકટ રાવનો ચુકાદો વંચાણે લેવામાં આવેતો ઠરાવેલ છે કે,

It is well settled law in this country that where a person is in settled possession of property, even on the assumption that he

had no right to remain on the property, he cannot be dispossessed by the owner of the property except by recourse of law.

સદર મુજબની કાયદાકીય પરીસ્થીતી સાથે હાલના કેસની ચર્ચા કરવામાં આવેતો દાવાવાળી જગ્યા પર વાદીનો સ્થાપીત કબજો હોવાની હકિકત રજુ રેકર્ડ આધારે જણાઇ આવે છે અને જો પ્રતિવાદીએ રજી. વેચાણ દસ્તાવેજથી જમીન વેચાણ રાખેલ હોય તો પણ તેઓ કાયદાથી ઠરાવેલ પ્રક્રીયા સીવાય વાદીઓ પાસેથી કબજો છીનવી શકે નહી અને તે રીતે રજુ રાખેલ દસ્તાવેજોથી વાદીઓએ પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

<u>મુદ્દા નં. ૨ અને ૩.</u>

(૧૨) ઉપરોકત મુદ્દા નં. (૧) માં વિગતે કરેલ ચર્ચા અને જણાવેલ કારણોસર વાદી દ્રારા પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરેલ છે તે સંજોગોમાં જો વાદી તરફે માંગ્યા મુજબનો મનાઇહુકમ આપવામાં ન આવે અને પ્રતિવાદીઓ દ્રારા વાદીઓનો કબજો છીનવી લેવામાં આવેતો તેઓએ પોતાના મકાન અને ખેતી તથા ઢોર ઢાંખરને ખોવાનો વારો આવે તથા દાવાવાળી જમીન અન્ય કોઇને વેચી દો તો નવા લીટીગેશનો ઉભા થાય અને જમીન ખરીદનાર અન્ય વ્યકતિને પણ હાલાકી ભોગવવી પડે તેવી પરીસ્થીતી ઉભી થાય અને તેમ થાય તો વાદીઓને ખુબજ હાલાકી ભોગવવી પડે તથા તેનું નાણામાં વાળી ન શકાય તેવું નુકસાન જાય તેવી પરીસ્થીતી ઉભી થાય. જયારે પ્રતિવાદીઓએ રેકર્ડ ઉપરની પરીસ્થીતી જોઇ સ્વિકારી દસ્તાવેજ કરાવેલ હોય અને તેઓનો કોઇ કબજો ન હોય તેઓની વિરુદ્ધ

મનાઇહુકમ આપવામાં આવે તો પણ તેઓને કોઈ અગવળ પડે તેમ નથી કે નાણામાં વાળી ન શકાય તેવું નુકસાન જાય તેમ ન હોય તે રીતે મુદ્દા નં. ૨ અને ૩ નો જવાબ પણ હકારમાં ઠરાવી મુદ્દા નં. ૪ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

<u>આ ખ રી હુ ક મ</u>

વાદીઓની હાલની કામચલાઉ મનાઇહુકમની અરજી મંજુર કરવામાં આવે છે. વધુમાં આ કામના પ્રતિવાદીઓ નં. ૪ અને ૫ ની સામે સદર દાવાના આખરી નિકાલ થતા સુધી એવો કામચલાઉ મનાઇહુકમ ફરમાવવામાં આવે છે કે તેઓએ દાવાઅરજીના પેરા નં. (૧) માં જણાવેલ દાવાવાળી મીલકતના વાદીઓના કબજા ભોગવટામાં કોઈ પણ જાતની હરકત કે ડખલ કરવી કરાવવી નહી અને તેઓને જમીન ખેડતા કે તેમાં પાક કરતા કોણ પણ પ્રકારે અવરોધ કે અટકાયત કરવી કરાવવી નહી તેમજ દાવાવાળી જમીન કોઈ પણ વ્યકતિને વેચાણ, ગીરો તથા બક્ષીસ કે અન્ય કોઈ પણ રીતે તબદીલ કરવી કરાવવી નહી.

સદર અરજીનું ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

હુકમ આજ રોજ તારીખ ૧૯ મી માહે નવેમ્બર સને ૨૦૧૮, ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૯ / ૧૧ / ૨૦૧૮. (ધર્મેન્દ્ર સુખવાસીભાઈ શ્રીવાસ્તવ)
મું.પેટલાદ. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
પેટલાદ.
જજ કોડ જીજે ૦૦૮૧૯